**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

તા.૨૨/૧૦/૨૦૧૪ બુધવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધીધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૬૨૩/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૦ કેસ કરી ૦૮ વ્યક્તિઓને ઝડપી, ૨૩ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધાર મુજબ ૦૧ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૩,૩૩૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૬૨૪/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૫૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી અને પ્રોહી ૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની તેમજ પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**બળાત્કારની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૨૬૨૫/૧૪**

**ચાંદખેડા :** ચાંદખેડા વિસ્તારમાં રહેતી ૨૯ વર્ષની યુવતીએ તા.૨૧/૧૦/૧૪ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આશરે છેલ્લા પાંચ વર્ષથી એક મહીના પહેલા સુધીનાં સમયગાળામાં આરોપી (૧) જયેન્દ્ર ઉર્ફે જીગ્નેશ દોલતભાઇ પટેલ (રહે.શાલીગ્રામ ફ્લેટ મોટેરા) (૨) પિયુષભાઇ ચૌધરી (૩) રમેશભાઇ ચૌધરી (બંને રહે.ગામ: દાભુ તા.ખેરાલુ જી.મહેસાણા) (૪) રાકેશ પટેલ (૫) એમ.આર.પટેલ (૬) સંજય પટેલ (તમામ રહે.મહેસાણા) નાઓએ યુવતી સાથે અલગ-અલગ સમયે પ્રેમ સબંધ બાંધી લગ્ન કરવાની લાલચ આપી, તેમજ ધાક ધમકી આપી અલગ-અલગ સ્થળે લઇ જઇ, યુવતીની મરજી વિરૂધ્ધ અવાર-નવાર શારીરીક સબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.કે.દેસાઇ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૬૨૬/૧૪**

**મેઘાણીનગર :** તુલસીરામ પરમીલાલ બઘેલ (રહે.સાવિત્રીનગર, ભાર્ગવ રોડ, મેઘાણીનગર) એ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૧૦/૧૪ ના કલાક ૦૦/૦૦ થી તા.૨૧/૧૦/૧૪ સવારના ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૫૩,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એમ.પટેલ ચલાવે છે.

**કાલુપુર :** નિરજભાઇ ચંદ્રલાલ ભોજવાણી (રહે.કિષ્ણા રેસીડેન્સી, નંદિગ્રામ નાના ચિલોડા) એ તા.૨૧/૧૦/૧૪ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૧૦/૧૪ સવારના ૧૧/૦૦ વાગ્યા પહેલાં આરોપી (૧) દિપકભાઇ (૨) રાજેશ ઉર્ફે અમીત અને (૩) યાસીનભાઇ (જેઓનાં પુરા નામ સરનામાની ખબર નથી) એ ભેગામળી નીરજભાઇનાઓનાં મીરઘાવાડ સાંઇબાબા કોમ્પલેક્ષ ખાતેનાં ગોડાઉનમાંથી રૂપિયા ૫૦,૦૦૦/- નો માલ ચોરી કરી પલાયન થઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.ડી.ઉપાધ્યાય ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૬૨૭/૧૪**

**જી.આઇ.ડી.સી.વટવા :** ભીમરાવ ગુલાબરાવ નીકોસે (રહે.ઇશરો હાઉસ, બી.એસ.એન.એલ.ટાવર સામે, નાંદેજ, તા.દસ્કોઇ, જી.અમદાવાદ) એ જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૧૦/૧૪ સાંજના ૭/૧૫ વાગ્યાના સુમારે પોતે જે રીક્ષામાં બેસીને જતાં હતા તે રીક્ષાને ટ્રેક્ટર નંબર આર.જે.૩૯.આર.એ.૦૧૭૫ ના ચાલકે પોતાનું ટ્રેક્ટર બેદરકારીથી ચલાવી ટક્કર મારતા રીક્ષા ચાલક દિપકભાઇ બાલચંદ પવારને શરીરે ગંભીર ઈજાઓ થતા તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એન.કરંગીયા ચલાવે છે.

**ચાંદખેડા :** પોપટજી ખોડાજી ઠાકોર (રહે.ખોડીયાર માતાનો વાસ, ઠાકોરવાસ, જગતપુર ગામ) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૧૦/૧૪ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે પોપટજી ઠાકોરનાં મોટાભાઇ પુજાજી ઠાકોર એસ.જી.હાઇવે, બી.એસ.એન.એલ.ઓફીસ સામેથી રોડ ક્રોસ કરતાં હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન બેદરકારીથી ચલાવી ટક્કર મારતા પુંજાજીને શરીરે ગંભીર ઈજાઓ થતા સારવાર દરમ્યાન તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.આર.પટેલ ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૬૨૮/૧૪**

**દાણીલીમડા :** તા.૧૮/૧૦/૧૪ રાતનાં ૯/૦૦ વાગ્યાના સુમારે લકી એસ્ટેટ પીરાણા રોડ ખાતેનાં પપ્પુભાઇનાં ગોડાઉનમાં આગ લાગતાં આબીદઅલી અકબરભાઇ સિપાઇ (ઉ.વ.૩૦) (રહે.ખેડાલ, મંસુરી સોસાયટી, જુહાપુરા) દાઝી ગયા હતા. સારવાર અર્થે તેમને જીવરાજમહેતા હોસ્પીટલમાં દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૧/૧૦/૧૪ કલાક ૭/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી વિશ્વાસભાઇ શ્યામરાવ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૬૨૯/૧૪**

**માધવપુરા :** પ્રતાપભાઇ ચીમનભાઇ વાઘેલા (ઉ.વ.૩૦))રહે.અસારવા પુલ નીચે, ઇદગાહ) એ કોઇ અગમ્ય કારણસર પોતાના ઘરે તા.૨૧/૧૦/૧૪ બપોરનાં ૪/૪૫ વાગ્યાના સુમારે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમસિંહ ચન્દ્રસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.